રહેમરાહે નિમણૂક પામેલ કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક: રહમ/૧૦૨૦૧૮/યુ.ઓ./૨૦૧/કા.મૂ.અ.
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૧/૦૮/૨૦૨૬

વંચાણે લીધા:-

(૧) સા.વ.વિભાગનો તા.૧૦/૦૩/૨૦૦૦નો ઠરાવ ક્રમાંક: ભરત-૨૧૯૭-ક
(૨) સા.વ.વિભાગનો તા.૧૫/૦૬/૨૦૦૪નો ઠરાવ ક્રમાંક: ભરત-૧૦૨૦૦૪-૩૮૫-ક
(૩) સા.વ.વિભાગનો તા.૧૧/૧૦/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૧૮-યુઓ-૨૦૧-ક
(૪) નાણા વિભાગનો તા.૦૮/૧૧/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: નવપ-૧૦-૨૦૨૦-ઓ-૬૪૦-પી
(૫) નાણા વિભાગનો તા.૧૬/૦૪/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: નવપ-૧૦-૨૦૨૦-ઓ-૬૪૦-પી

આમુખ:

સરકારશ્રીના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબના એક સભ્યને રહેમરાહે નિમણૂક આપવાની સુધારેલ યોજના અને તેની સંકલિત સૂચનાઓ બહાર પાડવામાં આવી હતી. વંચાણે લીધેલ ક્રમ (૨) પરના ઠરાવથી રહેમરાહે નિમણૂક માટે પાત્રતા ધરાવતાં ઉમેદવારોને પ્રથમ તબક્કે પાંચ વર્ષ માટે ફિક્સ પગારમાં ખાલી જગ્યા ઉપર એડહોક ધોરણે રહેમરાહે નિમણૂક આપવાની નીતિ નિયત કરવામાં આવી હતી. વંચાણે લીધેલ ક્રમ (૩) પરના ઠરાવથી તા.૧૫/૦૬/૨૦૦૪ના ઠરાવથી રહેમરાહે નિમણૂક પામેલ કર્મચારીઓની (૦૫) પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓ બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ અને નિવૃતિ વિષયક લાભો માટે માન્ય ગણવા અંગેની સૂચનાઓ પ્રસિદ્ધ થયેલ છે. વંચાણે લીધેલ ક્રમ (૪) પરનાં નાણા વિભાગના ઠરાવથી માન્ય ભરતી બોર્ડ મારફત સ્પર્ધાત્મક પરીક્ષા પદ્ધતિ દ્વારા (લેખિત પરીક્ષા, ઇન્ટરવ્યુ અને પરિણામની જાહેરાત) પસંદગી પ્રક્રિયા પૂર્ણ થયેલ હોય અથવા રાજ્યમાં વિવિધ વિભાગોની ફિક્સ પગારની નીતિ હેઠળ સરકારી તેમજ માન્યતા પ્રાપ્ત બિન-સરકારી અનુદાનિત સંસ્થાઓમાં સક્ષમ કક્ષાએથી મંજૂર થયેલ જગ્યાઓ પર માન્ય ભરતી પ્રક્રિયા મારફતે તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલા પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થયેલ હોય, તેવા કેસોમાં જૂની પેન્શન યોજનાનો લાભ આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમ (૫) પરનાં ઠરાવથી નાણા વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવની વિગતવાર સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૬/૨૦૦૪ના ઠરાવ અન્વયે (૧) તા.૧૫/૦૬/૨૦૦૪ થી તા.૩૧/૦૩/૨૦૦૫ સુધીમાં અર્થાત તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલાં રહેમરાહે નિમણૂક પામેલ હોય તેવા અથવા (૨) તા.૧૫/૦૬/૨૦૦૪ થી તા.૩૧/૦૩/૨૦૦૫ સુધીમાં અર્થાત તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ અથવા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રહેમરાહે

નિમણૂક માટે ફાળવણી (ભલામણ) કરવામાં આવેલ હોય પરંતુ તા.૦૧/૦૪/૨૦૦૫ પછી નિમણૂક આપવામાં આવેલ હોય તેવા, ઉક્ત (૧) અથવા (૨) મુજબના કેસો મુજબ નિમણૂક/નિમણૂક માટે ફાળવણી(ભલામણ) પામેલ અને તા.૦૧/૦૪/૨૦૦૫ પછી ફિકસ પગારનો નિયત સમયગાળો પૂર્ણ કરી નિયમિત નિમણૂક પામેલ હોય તેવા કર્મચારીઓને નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૪) મુજબ જૂની પેન્શન યોજનાનો લાભ આપવા બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે સરકારશ્રી દ્વારા નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:

(અ) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૬/૨૦૦૪ના ઠરાવ અન્વયે,

(૧) તા.૧૫/૦૬/૨૦૦૪ થી તા.૩૧/૦૩/૨૦૦૫ સુધીમાં અર્થાત તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલાં રહેમરાહે નિમણૂક પામેલ હોય અથવા

(૨) તા.૧૫/૦૬/૨૦૦૪ થી તા.૩૧/૦૩/૨૦૦૫ સુધીમાં અર્થાત તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ અથવા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રહેમરાહે નિમણૂક માટે ફાળવણી (ભલામણ) કરવામાં આવેલ હોય પરંતુ તા.૦૧/૦૪/૨૦૦૫ પછી નિમણૂક આપવામાં આવેલ હોય

ઉક્ત (૧) અથવા (૨) મુજબના કેસો મુજબ નિમણૂક/નિમણૂક માટે ફાળવણી(ભલામણ) પામેલ અને તા.૦૧/૦૪/૨૦૦૫ પછી ફિકસ પગારનો નિયત સમયગાળો પૂર્ણ કરી નિયમિત નિમણૂક પામેલ હોય તેવા કર્મચારીઓને નાણા વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ તથા તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવ મુજબ જૂની પેન્શન યોજનાનો લાભ આપવામાં આવે છે.

(બ) ઉક્ત (અ) મુજબ પાત્રતા ધરાવતાં અધિકારી/કર્મચારીઓએ જૂની પેન્શન યોજનાનો લાભ મેળવવા આ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી ૩ (ત્રણ) માસમાં અરજી કરવાની રહેશે.

(ક) ઉક્ત (અ) તથા (બ) સંદર્ભે નાણા વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ તથા તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવ મુજબની અન્ય તમામ સૂચનાઓ અનુસારની કાર્યવાહી કરવાની રહેશે.

આ ઠરાવ, આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૮/૦૯/૨૦૨૫ તથા સરકારશ્રીની તા.૦૧/૦૮/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વસીમ ચૌહાણ)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

*માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન. મંત્રીશ્રી/માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી(પ્રધાન મહાલેખાકાર), ગુજરાત રાજ્ય, અમદાવાદ /રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
મહાનિર્દેશકશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ.
સચિવાલયના સર્વે વિભાગો. (તેઓની હેઠળ આવતાં સર્વે ખાતાના વડાઓ તથા ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉપર્યુક્ત સૂચનાઓની જાણ તથા અમલવારી કરવાની વિનંતી સહ) સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના તાત્કાલિક ધ્યાને લાવવા અંગે લેખિત સૂચનાઓ પરિપત્રિત કરવાની સૂચના સહ).
સિલેક્ટ ફાઇલ.
સિસ્ટમ મેનેજરશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, GSWAN વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારું.
નાયબ સેક્શન અધિકારી પસંદગી ફાઇલ/શાખા પસંદગી ફાઇલ.
* પત્ર દ્વારા